**૭. કબૂલાત અને ક્ષમાયાચના** (ધાર્મિક વિધિઓની પુસ્તિકા પ્રમાણે)

**૮. સામૂહિક પ્રાર્થનાનો સમય :**

સર્વશક્તિમાન ઈશ્વર, અમારામાંના દરેક જણમાં તમારી હાજરી માટે અમે તમારો આભાર માનીએ છીએ. અમારા રોજબરોજના જીવનમાં તમારી હાજરીનો અનુભવ કરવા અને સાચા અર્થમાં બદલાણ પામીને તમારી દૃષ્ટિએ પસંદ પડે એવું જીવન જીવવા અમારી સહાય કરો. તમારા મહિમાને અર્થે અમારો સ્વીકાર કરીને અમારો ઉપયોગ કરો. તમારા નામમાં અમે પ્રાર્થીએ છીએ. આમેન.

**૯. શાસ્ત્રવાંચન :**

૧ લો શાસ્ત્રભાગ - નિર્ગમન ૨૦:૧૮-૨૨

ગી.શા.૯૭ (જરૂર જણાય તો)

૨ જો શાસ્ત્રભાગ - રોમનો ૧૨:૧-૩

૩ જો શાસ્ત્રભાગ - માથ્થી ૧૭:૧-૭

(હંમેશની જેમ વચ્ચે વચ્ચે ગીત ગાવામાં આવે)

**૧૦. સંદેશો**

**૧૧. વિશ્વાસનામું** (ધાર્મિક વિધિઓની પુસ્તિકામાંથી જાહેર કર્યા પ્રમાણે)

**૧૨. મધ્યસ્થી :**

પ્રેમાળ ઈશ્વર, અમારાં જીવનોનું બદલાણ કરવા, તમારી ઈચ્છા અને ઈરાદા પરિપૂર્ણ કરવાનું અમને શીખવો.

(શાંતિ)

પ્રેમાળ ઈશ્વર, બદલાણ પામેલું જીવન જીવવા તથા અન્ય લોકોની સંગતમાં રહેવા અમને દોરવણી આપો.

(શાંતિ)

પ્રેમાળ ઈશ્વર, તમારી નિકટતામાં રહેવા તથા બદલાણ પામેલ જીવનનો આનંદ માણવા અમારી સહાય કરો.

(શાંતિ)

પ્રેમાળ ઈશ્વર, ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયાની વિવિધ પ્રવૃત્તિઓ અને આગેવાનોને તથા અમે એક મનના થઈને તમારી તથા તમારા લોકોની જે સેવા કરીએ છીએ, તેને આશીર્વાદિત કરો.

(શાંતિ)

બધા એક સાથે : પ્રભુ, તમારી દયામાં અમારી પ્રાર્થનાઓ સાંભળો.

**૧૩. દાનાર્પણનું ગીત**

**૧૪. સમાપનની પ્રાર્થના**, પ્રભુએ શીખવેલી પ્રાર્થના અને આશીર્વચન (ધાર્મિક વિધિઓની પુસ્તિકા પ્રમાણે)

૧૫. જો આ પવિત્ર પ્રભુભોજનની ભજનસેવા હોય, તો એ પછીથી પ્રભુભોજનનો સંસ્કાર પાળવામાં આવે.

***આપને બદલાણ પામેલ જીવન પ્રાપ્ત થાય એવી શુભેચ્છા.***



# ભજનસેવાનો કાર્યક્રમ

## સાજાપણાના સેવાકાર્યનો રવિવાર
## ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૨

## બદલાણ પામતાં જીવનો

**સંપર્ક :**
**જનરલ સેક્રેટરી**
**ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયા**
પ્લોટ નં.૨, એ-૩, લોકલ શોપીંગ સેન્ટર,
જનકપુરી, ન્યુ દિલ્હી - ૧૦૦ ૦૫૮.
email : cmai@cmai.org

## પરિચય

ખ્રિસ્તમાં વહાલા ભાઈઓ અને બહેનો,

ફેબ્રુઆરી મહિનાનું બીજું સપ્તાહ ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયાનું સપ્તાહ છે કે જ્યારે આપણે કેથોલિક હેલ્થ એસોસીએશન ઑફ ઈન્ડિયા, ધી કેથોલિક બિશપ્સ કૉન્ફરન્સ ઑફ ઈન્ડિયા અને નેશનલ કાઉન્સીલ ઑફ ચર્ચીસ ઈન ઈન્ડિયા સાથે મળીને આરોગ્ય, સાજાપણું અને સંપૂર્ણપણાના આપણા સંકલ્પને તાજો કરીએ છીએ. એ સપ્તાહનો સમયગાળો ૬-૧૨ ફેબ્રુઆરી ૨૦૧૨ છે, અને તેમાં ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયા આયોજિત પ્રાર્થના દિન (૮ મી ફેબ્રુઆરી) અને સાજાપણાના સેવાકાર્યના રવિવાર (૧૨ મી ફેબ્રુઆરી) નો સમાવેશ થાય છે.

સાજાપણામાં બદલાણ/ઈશ્વર તેમ જ અન્ય લોકો સાથેના આપણા સંબંધના પુનઃસ્થાપનનો સમાવેશ થયેલો છે. સેવાકાર્ય મારફતે આપણે લોકોના સ્વાસ્થ્યને વધુ સારું બનાવવાનો, તેઓનાં વાસ્તવિક જીવનોમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરીએ છીએ. ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયાનો વર્ષ ૨૦૧૨ માટેનો મુદ્રાલેખ બદલાણ પામતાં જીવનો છે કે જે આ મહત્ત્વપૂર્ણ પાસા તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરવા તથા આપણા સેવાકાર્યને સુસંગત બનાવવા માટે મદદરૂપ થશે. ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલો બાઈબલ અભ્યાસ બદલાણ એટલે શું અને બદલાણની એ પ્રક્રિયામાં આપણે કેવી રીતે એક સાધનરૂપ બની શકીએ એ વિષેની આપણી સમજણમાં વધારો કરે છે. બદલાણનું કાર્ય ગહન હોવા છતાં તેને કેવી રીતે સરળ બનાવી શકાય, એ બાબતની સમજ બાઈબલ અભ્યાસ સાથે આપવામાં આવેલ ઓરીગામી એક્સરસાઈઝ (કાગળ વાળીને નમૂના તૈયાર કરવાની એક જાપાનીસ હસ્તકલા) દ્વારા રજૂ કરવામાં આવી છે. ભજનસેવાનો કાર્યક્રમ આપણી રવિવારની ભજનસેવામાં આ બાબત તરફ આપણું ધ્યાન દોરવા માટે મદદરૂપ બને છે.

તમે જ્યારે આ સપ્તાહ અને આ રવિવારની ઉજવણી કરો છો, ત્યારે તમે નીચે જણાવેલી કેટલીક બાબતો કરી શકોઃ

- મિશન હોસ્પીટલોમાં - દરેક ડીપાર્ટમેન્ટ અને દરેક વોર્ડમાં સામૂહિક ભજનસેવાનું આયોજન કરીને સપ્તાહની ઉજવણી કરો.
- અન્ય હોસ્પીટલો/નર્સીંગ હોમ્સ/ક્લીનીક્સમાં - મિત્રમંડળ, ખ્રિસ્તીઓ અને અન્ય લોકો સાથે મળીને થોડોક સમય સંગતમાં ગાળે અને ઉજવણી કરે.
- તમારી મંડળીમાં - સાજાપણાના સેવાકાર્યના રવિવારની ઉજવણી કરો. ખ્રિસ્તીઓને લાગતો વળગતો હોય એવો એક મુદ્રાલેખ નક્કી કરો. આરોગ્ય સેવાક્ષેત્ર સાથે સંકળાયેલા સભ્યો માટે ખાસ પ્રાર્થના કરાવો, માંદાઓની મુલાકાત લો.
- તમારા શાંત મનન સમય દરમિયાન જે તે દિવસના બાઈબલ અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરો; તમારા વિચારો નોંધી લો.

ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયા પોતાના સેવાકાર્યને વધુ અસરકારક બનાવવા માટે તમારી પ્રાર્થનાઓ તથા તમારા દ્વારા તમારા સભાજનો મધ્યે સાજાપણાના સેવાકાર્યના રવિવાર તથા સપ્તાહની ઉજવણી મારફતે તમારા પર આધાર રાખે છે. આ બાઈબલ અભ્યાસ તૈયાર કરવામાં ફાળો આપનાર બિશપ કે.જી. ડેનિયેલ, ડૉ. જ્યોર્જ ચાંડી, ડૉ. જોન ઉમ્મન, શ્રી રાજ મોન્ડોલ, ડૉ. શાન્તનુ દત્તા, ડૉ. વિજય એરૂલદાસ અને અન્ય લોકો તથા ૧૩ ભાષાઓમાં અનુવાદ કરનાર વ્યક્તિઓનો અમે હૃદયના ઊંડાણથી આભાર માનીને તેઓની સેવાઓની કદર કરીએ છીએ.

ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયા રાષ્ટ્રીય કક્ષાનું એક સંગઠન છે, જેમાં ૩૩૦ મિશન હોસ્પીટલો, અને આરોગ્ય સેવાક્ષેત્ર સાથે સંકળાયેલા ૧૦,૦૦૦ જેટલા વ્યવસાયિકો જોડાયેલા છે; તે નેશનલ કાઉન્સીલ ઑફ ચર્ચીસ ઈન ઈન્ડિયાના આરોગ્ય સેવાક્ષેત્રમાં કાર્ય કરતી એક અધિકૃત સંસ્થા છે. અમે તમામ ખ્રિસ્તી ડૉક્ટર્સ, નર્સો, એલાઈડ હેલ્થ પ્રોફેશનલ્સ, એડમિનિસ્ટ્રેટર્સ, ચેપ્લેઈન્સને આ સંગઠનમાં જોડાવા માટે આમંત્રણ આપીએ છીએ. (ડૉક્ટર્સ માટે આજીવન સભ્યપદ ફી રૂા.૨૦૦૦/- છે, અને અન્ય માટે રૂા.૧૦૦૦/- છે.)

જો તમે વ્યક્તિગત કે સંસ્થા તરીકે ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયાને દાન આપશો, તો અમે તમારા ઋણી થઈશું. ભારતની મિશન હોસ્પીટલોને વધારે અસરકારક બનાવવા માટેની રીટ્રીટો અને અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે દાનનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે બીડવામાં આવેલ કવરનો ઉપયોગ કરો અથવા www.cmai.org પરનું ડોનેશન પેજ જુઓ.

ઉષ્માભર્યા આદરસહ,<br>
ખ્રિસ્તમાં,

ડૉ. વિજય એરૂલદાસ<br>
જનરલ સેક્રેટરી, CMAI

રેવ. જોબ જયરાજ<br>
સેક્રેટરી, ચેપ્લેઈન્સ સેકશન, CMAI



# સાજાપણાના સેવાકાર્યનો રવિવાર - ૧૨ મી ફેબ્રુઆરી ૨૦૧૨
# ભજનસેવાનો કાર્યક્રમ

**મુદ્રાલેખ : બદલાણ પામતાં જીવનો**

**૧. શરૂઆતની પ્રાર્થના**

**૨. શરૂઆતનું ગીત**

**૩. આવકાર**

**૪. સાજાપણાના સેવાકાર્યના મુદ્રાલેખનો પરિચય :**

માનવીઓ તરીકે આપણે પરિસ્થિતિ/લોકોને અનુકૂળ થવા માટે આપણા દેખાવ, વલણ, જીવનશૈલી, સામાન્ય શિષ્ટાચાર વગેરેમાં ફેરફાર કે પરિવર્તન લાવી શકીએ છીએ, અને બેશક એમ કરવાથી આપણને આનંદ થાય છે.

ઈશ્વરનાં બાળકો તરીકે આ રીતે આપણામાં ફેરફાર કે પરિવર્તન ન આવે, એવી અપેક્ષા આપણા માટે રાખવામાં આવતી હોય છે, પરંતુ એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આપણે માનવી સ્વભાવનો ત્યાગ કરીને ઈશ્વરનો સ્વભાવ ધારણ કરીએ - એટલે કે સર્જનહારને પસંદ હોય એવો સ્વભાવ ધારણ કરીને આપણે તેમના વારસો બનીએ. પવિત્રશાસ્ત્રના વિવિધ સંદર્ભો હોવા છતાં, આપણામાંનું દરેક જણ જાણે છે કે આ અપેક્ષિત સચોટ પલટો લાવવામાં આપણે કેટલા અસરકારક હતા. આપણામાંનું દરેક જણ જ્યારે બદલાણ પામે છે, ત્યારે આપણે કોણ હતા એ વાત આપણને યાદ આવશે નહિ, પરંતુ આપણે કેવળ ઈશ્વર તરફ તથા જે હેતુસર આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે તેની તરફ જ ધ્યાન કેન્દ્રિત કરીશું - જે જૂનું હતું તે સર્વ જતું રહેશે, અને નવું સદાકાળ ટકી રહેશે. બદલાણ પામેલું જીવન જ પોકારી ઊઠશે અને તેને કારણે આનંદ છવાઈ જશે. તેથી, આવો, આપણે આ સચોટ પલટા માટે આપણા રોજબરોજના જીવનમાં ઈશ્વરની હાજરી શોધીએ, અને એ માટે તેમની સહાયની ખાતરી રાખીએ.

**૫. આરાધના માટેનું આહ્‌વાન :** પવિત્ર ઈશ્વર આપણને આપણા વાણી અને વર્તનમાં પવિત્ર બનવા તથા તેમની આરાધના કરવા માટે બોલાવી રહ્યા છે. આપણી મધ્યે તેમની હાજરીનો અનુભવ આપણને એ વાતની ખાતરી આપે છે કે તે આપણામાંના દરેક જણનું તેમની ઈચ્છા અને ઈરાદા પ્રમાણે બદલાણ કરવાનું કાર્ય કરી રહ્યા છે. આપણામાંના જેઓ ઈશ્વરની વાણી સાંભળવાની ઈચ્છા રાખે છે, તેઓ સર્વ આવો અને આપણે એક મનના થઈને આપણા સર્જનહારની આરાધના કરીએ.

**૬. આભારસ્તુતિ** (બધા સાથે મળીને) **:** સર્જનહાર ઈશ્વર, બદલાણ પામવાના ઈરાદા સાથે ન જીવવા છતાં આ સર્વ દિવસો દરમિયાન તમે અમારા પર જે સદ્‌ભાવના અને દયા દર્શાવી છે, એ માટે અમે તમારો આભાર માનીએ છીએ.

સર્જનહાર ઈશ્વર, અમે પૂરતા પ્રમાણમાં વાંચ્યું છે અને સાંભળ્યું છે તેમ છતાં તમારી ઈચ્છા પરિપૂર્ણ થાય એ રીતે અમે જીવ્યા નથી, તોપણ આ સર્વ દિવસો દરમિયાન તમે અમને માફી આપી છે, એ માટે અમે તમારો આભાર માનીએ છીએ.

સર્જનહાર ઈશ્વર, તમારી પાછળ ચાલવાની અમારી ઈચ્છા ન હતી, તેમ છતાં તમારી હાજરી દ્વારા આ સર્વ દિવસો દરમિયાન તમારા તરફથી અમને જે દોરવણી પ્રાપ્ત થઈ છે, એ માટે અમે તમારો આભાર માનીએ છીએ.

સર્જનહાર ઈશ્વર, આવનાર દિવસોમાં અમને સહાય કરવા માટેની તથા તમારાં બાળકો તરીકે સદાકાળ તમારી સાથે રહેવા માટે અમારું બદલાણ કરવા માટેની જે ખાતરી તમે અમને આપી છે, એ માટે અમે તમારો આભાર માનીએ છીએ. આમેન.